R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-26 • ISSUE: 22 DATE: 03-06-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે.હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## નીતિશકુમારની રાજકીય ગુલાંટ બાદ ફરીથી મુખ્યમંત્રીના આસન પર બિરાજમાન

બિહારમા ચાલી રહેલી રાજકીય ગરમી બાદ મુખ્યમંત્રી નીતિશકુમાર ગઠબંધનની સાથે છુટાછેડા લઈને રાજકીય ગુલાંટ મારી હતી.નીતિશે લાલુપ્રસાદ યાદવના રાજદ અને કોંગ્રેસના ગઠબંધનને ફગાવી દઈ ભાજપનો સાથ લઈને ફરીથી મુખ્યમંત્રીના આસન પર બિરાજમાન થઈ ગયા હતા.નીતિશકુમારના આ પગલાંથી વર્ષ ૨૦૧૯ની લોકસભા ચુંટણી માટે સમગ્ર વિપક્ષને નબળો પાડી દીધો હતો.નીતિશકુમારે ખુબજ નાટ્યાત્મક રીતે રાજીનામું આપ્યું હતું.અને ૧૬ કલાકમાં જ ફરીથી બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લઈ લીધા હતા.તેમણે રાજદ અને કોંગ્રેસનો સાથ છોડી દઈને ભાજપ સહિતના એનડીએના પક્ષોનો ટેકો લઈને સરકાર રચી હતી.હવે નીતિશકુમારની સાથે સુશીલકુમાર મોદી ભાજપના નાયબ મુખ્યમંત્રી બનશે. નીતિશની આ જાહેરાતથી લાલુ સહિતના વિપક્ષો ગુસ્સે ભરાયા હતા.પરંતુ નીતિશે કહ્યુ હતું કે અમે જે કંઈ નિર્ણય લીધો છે તે બિહારની જનતાના હિતમાં લીધો છે.

ભારતીય જનતા પાર્ટીની બિહારમાં રાજકીય ચાલને કારણે વિપક્ષો લગભગ પરાસ્ત થઈ ગયા છે.રાજકીય રીતે તેમને બેકફુટ પર ધકેલી દીધા છે.બીજી બાજુ સીબીઆઈ,ઈડી વિગેરેની જાળમાં પણ બરાબર ફસાવીને તેમને અનેક મોરચે લડતા કરી દીધા છે.

જો કે બિહારની આ ઘટના કે કારણે આરજેડીના નેતા લાલુ પ્રસાદે આકરી ટીકાઓ કરી હતી.લાલુ પ્રસાદે નીતિશકુમારને તકવાદી ગણાવ્યા હતા.બિહારમાં જે રાજકીય ઉથલ પાથલ થઈ તે લાલુ પ્રસાદના પુત્ર અને પુર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને કારણે છે. તેજસ્વી યાદવ બિહારના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીને મળીને નીતીશને સરકાર રચવા માટે અપાયેલ આમંત્રણનો વિરોધ કર્યો હતો.તેજસ્વીએ રાજ્યપાલના નિર્ણય સામે કોર્ટમાં જવાની પણ ચીમકી આપી હતી.પરંતુ તેજસ્વીને ખબર હોવી જોઈએ કે ભાજપે મુકેલા રાજ્યપાલો તેમની સરકાર સિવાયની કોઈપણ સરકારને ગાંઠે તેમ નથી અને કેન્દ્રના ઈશારે તે બધુ કરવા સક્ષમ હોય છે.લાલુએ કહ્યુ હતું કે મારા પરિવારના લોકો અને આરજેડી નેતાઓની છબી ખરડવા માટે નીતિશકુમારે સીબીઆઈ અને ઈડી દરોડા પડાવવા માટે ભાજપ સાથે હાથ મિલાવી લીધો છે.નીતિશે બિહારની જનમતને દગો આપ્યો છે.અને તેમણે દેશના લોકોને છેતર્યા છે.

જ્યારે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ નીતિશની ભાજપ સાથેની મૈત્રીની આકરી ટીકા કરી હતી.તેમણે આક્ષેપ કર્યો હતો કે પોતાના સ્વાર્થી હેતુઓ સાધવા માટે નીતિશે કોમવાદી તાકાતો સાથે પાછા જોડાઈ ગયા છે.તેમણે જનતાએ આપેલો વિશ્વાસ તોડ્યો છે.અને દગો કર્યો છે. કોંગ્રેસના ઉપપ્રમુખનું કહેવુ છે કે બિહારમાં છેલ્લા ત્રણ કે ચાર મહિનાથી આ ગડમથલ ચાલી રહી હતી. તેની મને ખબર હતી.તેઓ જેમની સામે લડ્યા હતા તેમની સાથે તેમણે હાથ મીલાવ્યા હતા.તેમણે ઉમેર્યું કે ભારતના રાજકારણમાં આ સમસ્યા છે. લોકો તેમના અંગત સ્વાર્થ માટે કંઈ પર કરે છે .કોઈસિધ્ધાંત કે વિશ્વસનીયતા નથી. તેઓ સત્તા માટે કંઈ પણ કરી શકે છે.

## ગુજરાતના રાજકારણમાં આયારામ -ગયારામનું ગણિત ચાલુ થઇ ગયું છે : હોર્સ ટ્રેડીંગની શંકાઓ વ્યાપક બની

ગુજરાત રાજ્યમાંથી રાજ્યસભાની ત્રણ સીટો માટેની ચુંટણી થવાની છે . ત્રણ સીટો પૈકી એક કોંગ્રેસને ફાળે જાય તેવી શક્યતાઓ છે. કોંગ્રેસે તેમના ઉચ્ચ નેતાગીરી પૈકીના અહેમદ પટેલને ફરીથી આ સીટ માટે પસંદ કર્યા છે. હવે ભારતીય જનતા પાર્ટીએ તેમના બે ઉમેદવાર પૈકી તેમના પ્રમુખ અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીને બીજી ટર્મ માટે પસંદ કર્યા છે.કોંગ્રેસના મતો વિભાજીત થાય નહી તો અહેમદ પટેલની જીત નક્કી છે.પરંતુ ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ પાર્ટીના કેટલાક ધારાસભ્યોને ભાજપમાં ભેળવવાની કવાયત શરુ કરી છે. સહુ પ્રથમ તો કોંગ્રેસના વિધાનસભાના નેતા શંકરસિંહ વાધેલાને ચુંટણીમાં ન્યુટ્રલ કરી નાંખ્યા છે.કેટલાક આદીવાસી વિસ્તારોના ધારાસભ્યોને લાલચો આપીને તેમની તરફેણમાં કરવા માટેના પ્રયાસો સમાચાર પત્રોમાં જાહેર થયા છે.કોંગ્રેસના દંડક બળવંતસિંહ રાજપુત અને તેજશ્રી પટેલ સહિત કુલ ત્રણ ધારાસભ્યોને ભાજપે પોતાની તરફેણમાં લાવી દીધા છે.જે કોંગ્રેસની વિધાનસભામાં સબળ નેતાગીરી કરતા હતા.ભાજપે રાજ્યસભામાં ત્રીજા સભ્ય તરીકે કોંગ્રેસમાંથી ભાજપામાં આવેલા બળવંતસિંહ રાજપુતનું ફોર્મ ભરાવીને કોંગ્રેસમાં ક્રોસ વોટીંગ કરવા અહેમદ પટેલને હરાવવાનો પેતરો રચ્યો છે.

## વિમાનોમાં હિન્દી અખબારો અને મેગેઝીનો રાખવા પડશે : નાગરિક ઉડ્યન મહાનિર્દેશાલયનો આદેશ

હિન્દી અને અંગ્રેજીના વર્ચસ્વના વિવાદ વચ્ચે નાગરિક ઉડ્યન મહાનિર્દેશાયલે તમામ એરલાઈન્સને આદેશ આપ્યો હતો કે તેમણે હવે તમામ વિમાનોમાં અંગ્રેજીની સાથે હિન્દી અખબારો અને મેગેઝીન રાખવા પડશે.નિર્દેશોમાં જણાવાયું છે કે વિમાનમાં મુસાફરી કરતાં પ્રવાસીઓને અંગ્રેજીની સાથે સાથે હિન્દી અખબરો અને મેગેઝીનો આપવા જોઈએ.આ અંગે ડીજીસીએના ડીરેકટર લલિત ગુપ્તાએ કહ્યુ હતું કે વિમાનોમાં પ્રવાસીઓને હિન્દીમા વાંચવા માટેની સામગ્રી પુરી પાડવી જોઈએ. પ્રવાસીઓને હિન્દી સામગ્રી પુર ન પાડવી એ સરકારી નીતિની વિરુધ્ધ છે. કોંગ્રેસના નેતા શશી થરુરે ડીજીસીએના આ નિર્ણયની મજાક ઉડાવતાં લખ્યું છે કે ડીજીસીએ હવે ભારતીય વિમાનોમાં હિન્દી પ્રકાશનના અખબાર અને મેગેઝીન પ્રવાસીઓને વાંચવા આપવા માંગે છે.જો કે સરકારી નિર્ણયના હવે પડઘા પડવા શરુ થઈ ગયા છે. દક્ષિણ ભારતમાં કેટલાક લોકોએ હવે હિન્દી નહીં અપનાવવા સામે ઝુંબેશ આદરી છે.

## ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ધર્મ,જાતિના નામે હિંસા ૪૧ ટકા વધી

કેન્દ્રમાં ભાજપની સરકારે સત્તા સંભાળ્યા પછીના ૩ વર્ષમાં ધર્મ અને જાતિના નામે હિંસામાં ૪૧ ટકાનો વધારો થયો છે.રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન હંસરાજ આહિરે લોકસભામાં આ બાબતે માહિતી આપી હતી.રાષ્ટ્રીય ક્રાઈમ રેકોર્ડ મુજબ ૨૦૧૪માં ધર્મ અને વંશીય તેમજ જાતિને આધારે જુદા જૂદા સમુદાયો વચ્ચે હિંસાની ૩૩૬ ઘટનાઓ બની હતી.જ્યારે ૨૦૧૬માં આવી ઘટનાઓ ૪૧ ટકા વધીને ૪૭૫ થઈ હતી.આહિરે ગૌરક્ષકો દ્વારા આચરવામાં આવેલ હિંસા અને તેને રોકવા સરકાર દ્વારા લેવાઈ રહેલા પગલાં અંગે માહિતી આપી હતી. આહિરે કહ્યુ હતું કે સરકાર ટોળાં દ્વારા લોકોની હત્યાના મામલે કોઈ નવો કડક કાયદો લાવવા વિચારતી નથી.

આહિરે કહ્યુ કે સરકાર પાસે ગૌરક્ષકો દ્વારા કરાયેલી હિંસાના આંકડા નથી. જો કે સાંપ્રદાયિક,જાતિય અને વંશીય ઘટનાઓમાં રાજયોમાં ૪૯ ટકાનો વધારો થયો છે.૨૦૧૪માં રાજયોમાં આવી ઘટનાઓ ૩૧૮ બની હતી.જ્યારે ૨૦૧૬માં તે વધીને ૪૭૪ થઈ હતી. દિલ્હી સહિત તમામ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૨૦૧૪માં આવી ૧૮ ઘટનાઓ બની હતી.

ઉત્તરપ્રદેશમાં સાંપ્રદાયિક,વંશીય અને જાતિય હિંસાની ઘટનામાં ઝડપી વધારો થયો છે. યુપીમાં ૩ વર્ષમાં આવી ઘટનાઓમાં ૩૪૬ ટકા વધી હતી.૨૦૧૪માં આવી ૨૬ ઘટનાઓ બની હતી.જે ૨૦૧૬માં વધીને ૧૧૬ થઈ હતી.ઉત્તરાખંડમાં આવી ઘટનાઓ ૪ થી વધીને ૨૨ થઈ હતી.આમ ત્યાં હિંસક ઘટનાઓમાં ૪૫૦ ટકાનો વધારો થયો હતો.પશ્ચિમ બંગાળમાં ૨૦૧૪માં આવી હિંસાની ૨૦ ઘટનાઓ બની હતી. જે ૨૦૧૬માં ૧૬૫ ટકા વધીને ૫૩ની થઈ હતી.મધ્યપ્રદેશમાં ૨૦૧૪માં પાચથી વધીને ૨૦૧૬માં ૨૬ જ્યારે હરિયાણામાં ૩ થી વધીને ૧૬ ની થઈ હતી.બિહારમાં ૨૦૧૪માં આવી હિંસાની કોઈ ઘટના નોધાઈ ન હતી.જ્યારે ૨૦૧૬માં આવી ૮ ઘટનાઓ બની હતી.

## બોગસ એન્કાઉન્ટર બદલ ભારતીય જવાનોને આજીવન કેદની સજા રદ કરવામાં આવી

માછીલમાં ૨૦૧૦માં ત્રણ કાશ્મીરી નાગરિકોને ઠાર મારતાં જનરલ કોર્ટે એક કર્નલ અને કેપ્ટન સહિત પાંચ સૈન્ય જવાનોને આજીવન કેદની સજા ફટકારી હતી.જેને સશસ્ત્ર દળના ટ્રિબ્યુનલે રદ કરી છે.જવાનોએ મેડલ અને રોકડ પુરસ્કાર માટે આ ત્રણેને વિદેશી આતંકવાદી તરીકે ખપાવી દીધા હતા જેને કારણે કોર્ટે માર્શલ હેઠળ સજા ફટકારી હતી.

અંકુશ રેખા નજીકના માછીલ સેકટરમાં સોના પીંડી ખાતે ૨૯ અને ૩૦મી એપ્રિલ ૨૦૧૦ની રાત્રે રાફિયાબાદના ત્રણ નાગરિકો શઝાદ ખાન(૨૭),શફા લોન(૧૯) અને રિયાઝ લોન(૨૦)ની કુપવાડાના કાલારુસ ખાતેની લશ્કરી છાવણી ખાતે લવાયા હતા. અને ત્યાં તેમને એક નકલી એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતા.લશ્કરે તે ત્રણેનો વિદેશી આતંકવાદી લેખાવ્યા હતા. અને અંકુશ રેખા પર ઘુસણખોરી કરતાં માર્યા ગયાનું જણાવ્યુ હતું.તેમના મૃતદેહો એલઓસી નજીક દફનાવી દીધા હતા.જો કે આ ત્રણેયના પરિવારોએ તેમને રાફિયાબાદના ગુમ થયેલા યુવાનો હોવાની ઓળખ આપી હતી. તેમને નકલી એન્કાઉન્ટરમાં ઠાર મરાયાની વાતોથી કાશ્મીરમાં ઉગ્ર આંદોલન થયું હતું. સરકારે ઉચ્ચ સ્તરીય તપાસ પંચ નીમી તેને તપાસ કરવા માટે આદેશ કર્યો હતો.

લશ્કરે કોર્ટ માર્શલ પ્રક્રિયા હાથ ધરી હતી. તેના હેવાલ બાદ જવાનોને જન્મટીપની સજા થઈ હતી.એ બાદ આ જવાનોએ તેમની સજાને આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલમાં પડકારી હતી.ટ્રિબ્યુનલે આ કેસની તપાસ કરીનો કડી મેળવ્યા બાદ પાંચે જવાનોને કોર્ટ માર્શલ હેઠળ ફટકારાયેલી સજા રદ કરી હતી.જો આ બાબતે હજુ વિવાદ ચાલી રહ્યો છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

રાજકીય આફતો બાદ હવે દેશ કુદરતી આફતોના હવાલે પડી ગયો છે. દેશમાં ચારે કોર ભારે વરસાદને કારણે તારાજીઓ થઇ છે.કુદરતી તારાજી કરતાં માણસો એ સર્જેલી આ હોનારતો કહી શકાય. કોઇપણ જાતના પ્લાનીંગ વગર બની રહેલા રોડ રસ્તાઓ,પુલો કે બાંધકામો પાણીને જવા આવવાના માર્ગોમાં અવરોધ પેદા કરવાને કારણે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.કેટલાક તળાવો અને બંધો કાચા કામો અને ભ્રષ્ટાચારને કારણે પાણીનો ભાર સહન નહી કરી શકવાને કારણે તુટી જતાં ચારે બાજુ ફરી વળતાં પાણીનો ભોગ જાનમાન કે ખેતી નુકશાનનો ભોગ બને છે.સરકારી રાહતો સમયસર પહોચતી નથી. કેટલાક નેતાઓ માત્ર ફોટા પડાવવા અને જનતાની વ્હારે ગયા છે તેવા વીડીયો પ્રસિધ્ધ કરીને પ્રસિધ્ધિનો આનંદ માણે છે.પરંતુ નાગરિકોને વધુ શોષવું પડે છે.

નેતાઓ હવાઇ ઉડ્યન કરીને કેટલું નુકશાન થયુ છે તેના આંકડાઓ તૈયાર કરે છે.અને સરકારી અધિકારીઓને માટે આયોજન કરવુ અને તેને ખરેખર અમલમાં મુકવું એ લાંબો સમય અને ભ્રષ્ટાચાર માટેનો કસબ બની જાય છે.ખેર,દેશમાં આઝાદી પછી સામાન્ય નાગરિકોને તકલીફોમાંથી બહાર કાઢવા માટે કોઇ કીમીયા કારાગત નિવડ્યા નથી.પરંતુ આ દેશની પ્રજાએ નત મસ્તકે આ બધુ ચલાવી લીધું છે.ટેક્ષ ભરે રાખ્યો છે પરંતુ તેનું વળતર માંગ્યું નથી.મોટા રસ્તાઓ અને યોજનાઓમાં થયેલા ભ્રષ્ટાચારને કારણે નાગરિકોને સહન કરવું પડ્યું તેનો હિસાબ ન તો અધિકારીઓ પાસે મંગાયો છે કે ન તો તે વિસ્તારના રાજકારણીઓ જેઓ આ મલાઇ ઓળવવામાં ભાગીદાર બન્યા હતા.

ગુજરાતમાં અનેક જગ્યાઓ પર ભારે નુકશાન થયું છે. બનાસકાંઠા વિસ્તારમાં પણ ભારે જાનહાનિ થઇ છે. લોકોનો ઢોરઢાખર તણાઇ ગયા છે અને રોજીનું સાધન છીનવાયુ છે.શહેરોમાં હજુ કેટલીબધી જગ્યાઓ પર રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાયા છે.જેને કાયમી ધોરણે નિકાલ કરવાના કોઇ સુચારુ ઉપાયો યોજાય તેવા આયોજન વિચારાયા નથી.આફતો આવે અને જાય પરંતુ દરેક વખતે ફરીથી આવી આફતોના સામના કરવા માટેના આયોજન થતાં નથી અને દરેક વખતે નાગરિકો તેના ભોગ બને છે.દેશના નાગરિકોએ હવે જાગવાની જરુર છે મતોની કિમત જાણવી જરુરી છે. જો તમારા હિતોને નુકશાન થતું જ રહેવાનું હોય તો દેશની તિજોરી છલકાવીને શું ફાયદાઓ થશે?

## મંતવ્ય

રોજ બરોજના સમાચાર પત્રોમાં શંકા આશંકાઓ જન્માવતા સમાચારો પ્રગટ થતાં રહે છે.એનડીએની સરકાર ક્યારે શું પગલા લેશે અને તેને સામાન્ય નાગરિકોને કેટલો ભોગ આપવો પડશે તેની ચિંતા વ્યાપક છે. નોટબંધીને કારણે દેશની જનતાએ ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. દેશના કેટલાક નાગરિકોએ પોતાના જાનની આહુંતી આપી હતી.સરકાર કોઇપણ નિર્ણય કરે તે લોકહિતમાં હોવા જરુરી છે.તેનાથી લોકોના જાન જાય તો એવા નિર્ણયો સરકાર લે તો તે આકરા નિર્ણયો ગણી શકાય અને તેને લોકો વડે ચાલતી સરકાર માટેની લોકશાહીમાં વર્જ્ય ગણી શકાય નહી.ત્યારબાદ જીએસટીનો નિર્ણય દેશની વેપાર ઉદ્યોગ સાથે સંકળાયેલ પ્રજાને માટે અણગમતો નિર્ણય દેખાયો. સરકારે ભલે ભારે પીપુડીઓ ચારેબાજુ વગાડીને તેને યોગ્ય ઠેરવ્યો હોય પરંતુ જેમને લાગે વળગે છે તેમણે તે કમને સ્વીકાર્યો છે.તે નક્કી બાબત છે.હવે રુ.૨૦૦૦ની નોટ ચલણમાંથી નાબુદ થવાના સમાચારો વહેતા થયા છે.અને રુ.૨૦૦ની નવી નોટ ચલણમાં આવી રહી હોવાની વાત પણ છે.શું આવા નિર્ણયોથી શું થશે અને દેશનો કેટલો વિકાસ આવા નિર્ણયોને કારણે થશે તેના લેખાજોખા અવશ્ય જનતાની જાણ માટે બહાર પાડવા જોઇએ.તો નિર્ણયો સાચા છે કે તઘલખી કે ખબર પડે.

રમેશભાઇ કે. પરમાર

## આતંકવાદીઓને ૫૬ની છાતી બતાવવાનો આ સમય છે : સામનામાં કેન્દ્ર સરકાર પર પ્રહારો કરતી શિવસેના

અમરનાથમાં થયેલો આતંકવાદી હુમલો એ દિલ્હીની મજબુત અને હિંમતવાન સરકાર પર હુમલો છે. શિવસેનાના સાંસદ સંજય રાઉતે જણાવ્યુ હતું કે કાશ્મીરમાંના આતંકવાદીઓને ૫૬ ઇંચની છાતી બતાવવાની આ જ ઘડી છે.તેમણે કહ્યુ હતું કે ચર્ચા કરવાને બદલે બદલો લેવાનો આ સમય છે.પત્રકાર પરિષદમાં સંજય રાઉતે ભાજપની જોરદાર ટીકાઓ કરી હતી.



બીજી તરફ ઉદ્વવ ઠાકરેએ આ મુદ્દે કહેવાતા ગૌરક્ષકોની આકરી ઝાટકણી કાઢી હતી.તેમણે કહ્યુ હતું કે હવે ગૌરક્ષકોએ આતંકવાદીઓ સામે લડવા જવું જોઇએ.આતંકવાદીઓની બેગમાં બોમ્બના બદલે ગૌમાંસ હોત તો આ રક્ષકો શું કરતા?કહેવાતા તમામ ગૌરક્ષકો હવે દેશની સરહદે જાય અને આતંકવાદીઓનો સામનો કરે.સંજય રાઉતે વધુમાં કહ્યુ હતું કે હુમલાની માત્ર ટ્વિટર પર ટીકા કરીને નહી ચાલે.અમરનાથની યાત્રા પર હુમલો દિલ્હીની મજબુત અને હિંમતવાન સરકાર પર હુમલો છે.એટલે અમે બદલો લેવામાં માનીએ છીએ.સંજય રાઉતે કહ્યુ હતું કે બાળાસાહેબ ઠાકરેએ ૧૯૯૬માં લીધેલી ભુમિકાની યાદ અપાવી હતી.૧૯૯૬માં જ્યારે આતંકવાદીઓએ અમરનાથ યાત્રા પર હુમલો કરવાની ધમકી આપી હતી ત્યારે બાળા સાહેબે કડક વલણ અપનાવીને કહ્યુ હતું કે જો એવું થયું તો મુંબઇથી હજનુ એક પણ વિમાન ઉડવા નહીં દઇએ. ત્યાર બાદ અમરનાથ યાત્રા સુખરુપ પાર પડી હતી.

આતંકવાદની વાત કરતાં સંજયે કહ્યુ હતું કે એકવાર નોટબંધીની ટીકા કરી હતી. નોટબંધીની અસર કાશ્મીરના આતંકવાદીઓને પર થઇ હોવાનો દાવો સરકારે કર્યો હતો.પરંતુ તેમ થયું લાગતું નથી.સર્જીકલ સ્ટ્રાઇક હોય કે નોટબંધી તેની અસર આતંકવાદીઓ પર થઇ નથી.

## કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ ગૌરક્ષકોની ટીકા કરતાં કહ્યુ કે દેશમાં તમામને બીફ ખાવાનો અધિકાર છે

કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ દેશભરમાં બીફ ખાવાના મામલે દેશભરમાં ગૌરક્ષકો દ્વારા થતી મારપીટ અને હિંસાને મામલે જણાવ્યુ હતું કે દેશમાં તમામને બીફ ખાવાનો અધિકાર છે. તેમણે ગૌરક્ષકો દ્વારા થતી કાર્યવાહી માટે આકરી સજા આપવાની માંગણી કરી હતી.હવે આ મામલે વડાપ્રધાને આક્રોશ વ્યક્ત કરેલો પરંતુ હવે તેમણે સખ્ત હાથે કામ લેવાના હુકમો જારી કરવા જરુરી છે.નહિતર એવું લાગશે કે વડાપ્રધાન જ માત્ર બોલે છે તે પળાય છે કે નહી તેની લેશમાત્ર ચિંતા કરતા નથી. ગૌરક્ષકો તેમનું મનફાવે તેવું વર્તન કરતાં રહે છે.

## દિલ્હીમાં જ કહેવાતા ગૌરક્ષકોની ગુંડાગીરી ભેસને લઇ જતા લોકોને ઢોર માર મારવામાં આવ્યો

ગોરક્ષકોની ગુંડાગીરી અને નિર્દોષ લોકોની મારપીટ બાબતે વડાપ્રધાન મોદીએ તાજેતરમાં ભારે મોટો ખરખરો કર્યો હતો. પરંતુ તેમના આ ખરખરાની અસર ગુડાગીરી કરી રહેલા ગોરક્ષકો સુધી પહોચી નથી. દિલ્હીમાં ભેસને લઇ જતા છ શખ્સોને ગૌરક્ષકોના ટોળાએ ભેગા મળીને ઢોર માર માર્યો હતો.આમ દિલ્હીમાં જ ગૌરક્ષકોની ગુંડાગીરી ફરી એક વાર પ્રકાશમાં આવી હતી.વડાપ્રધાન મોદીએ કથિત ગોરક્ષકોને કાયદો હાથમાં નહીં લેવા અને પશુઓની હેરફેર કરનારા લોકોની મારપીટ નહી કરવાની સલાહ આપી હતી પરંતુ ગૌરક્ષકો તેમની આ સલાહ અવગણી હતી.જો કે હવે વડાપ્રધાનની ગૌરક્ષકો અપાયેલ સલાહ માત્ર ઉપરછલ્લી દેખાય છે કાયદેસર તંત્રને આવી ઘટનાઓ સખ્તાઇથી રોકવા માટે કોઇ આદેશ અપાયા હોય તેમ લાગતા નથી અને અપાયા હોય તો પણ તેનો અમલ થતો નથી.

હરિયાણામાં કુરુક્ષેત્રના મથાના ગામ ખાતે આવેલી સરકારી ગૌશાળામાં ભારે વરસાદ, ઘાસચારાનો અભાવ, અને દલદલમાં ફસાઇ જવાને કારણે ૨૫થી વધારે ગાયોના મરણ થયા છે.ભારે વરસાદથી ગૌશાળામાં પાણી ભરાઇ ગયા હતા.અને ઘાસચારાની અછત સર્જાઇ હતી.કેટલીક ગાય વરસાદને કારણે થયેલા કાદવ કીચડમાં ફસાઇ જવાને કારણે મોતને ભેટી હતી.હરિયાણા ગૌસેવા કમિશનના ચેરમેન ભાનીદાસ મંગલા હવે પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે.

### જાણવા જેવું

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

છછુંદર એક રાતમાં ૩૦૦ ફુટ ઉંડો ખાડો ખોદી શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## એર ઇન્ડીયાની ઘરેલુ ઉડાનોમાં ઇકોનોમી કલાસમાં માત્ર શાકાહાર પીરસીને એર ઇન્ડીયાને ખોટમાં બહાર કાઢવાનો પ્રયત્ન થશે

જંગી નુકશાનનો સામનો કરી રહેલી એક ઈન્ડીયાએ પોતાની તમામ ડોમેસ્ટીક ફ્લાઈટમાં ઈકોનોમી ક્લાસના પ્રવાસીઓને બિનશાકાહારી ભોજન પીરસવાનું બંધ કરી દીધુ છે. જો કે એર ઈન્ડીયાની આંતરરાષ્ટ્રીય ઉડાનોના ઈકોનોમી ક્લાસના પ્રવાસીઓને બિનશાકાહારી ભોજન પીરસાતું રહેશે.એર ઈન્ડીયાના અધિકારીએ જણાવ્યુ હતું કે બે સપ્તાહથી આ વ્યવસ્થા અમલી બની છે. અને તેને કારણે એર ઈન્ડીયા વાર્ષિક રુપીયા ૭ થી ૮ કરોડની બચત કરી શકશે.એર ઈન્ડીયાના પ્રવક્તા જી.પી.રાવે જણાવ્યુ હતું કે બગાડ થતો અટકાવવા, ખર્ચ પર કાપ મુકવા તેમજ કેટરીંગ સેવાઓને બહેતર બનાવવા આ નિર્ણય લેવાયો છે.

ઈકોનોમી ક્લાસમાં માત્ર શાકાહારી ભોજન આપવાનું શરુ થતાં શાકાહારી અને બિનશાકાહારી ભોજનસામગ્રીને બરોબર અલગ તારવી શકાશે.વળી શાકાહારી ભોજનની માંગ મોટી હોય છે.

એર ઈન્ડીયા રુ.૫૨૦૦૦કરોડનો દેવાનો બોજ ધરાવે છે.નુકશાની ઉંચી જતાં સરકાર તેને વેચી દેવા વિચારી રહી છે.ઈન્ડીગોએ એર ઈન્ડીયાના ઈન્ટરનેશનલ ઓપરેસન્સ અને તેની એક્સપ્રેસ સેવાઓ ખરીદ કરવા વિધિવત ઈચ્છા જાહેર કરી દીધી છે.ખાનગીકરણને રોકવા એર ઈન્ડીયાના કર્મચારીઓએ વહીવટીતંત્રને ખર્ચકાપના અનેક ઉપાયો સુચવ્યા હતા. તેમાં એક નાનકડુ સુચન ભોજનમાંતી સલાડની બાદબાકીનું પણ હતું. એર ઈન્ડીયા ખર્ચકાપના કીમીયા કામે લગાડીને ખાનગીકરણ રોકવા પ્રયાસશીલ છે. કર્મચારીઓ પણ એક એક સુચન કરીને તેમાં મદદ કરી રહ્યા છે. ખાટલે મોટી ખોડ એ ઉક્તિ મુજબ ખોટના કારણો જગ જાહેર છે પરંત તેમાં કોઈ શું કરી શકે. જો ખરેખર એર ઈન્ડીયાને પ્રથમ શ્રેણીની હવાઈ સેવા બનાવવી જ હોય તો સરકારે કમને કડક પગલાં લેવા પડે અને તેમાં અનેક સુવિધાઓને બાદ કરવી પડે.બાકી સલાડ અને બિનશાકાહારી ભોજનને બંધ કરવાથી ખોટ દુર કરી શકાય તે મહંમદ તઘલક જેવા વિચારો છે તેને તિંલાજલી આપો.આ માટે એક શેર યાદ આવી જાય તેવો છે ક'' બરબાદ ગુલીસ્તાં કરને કો સિર્ફ એક હી ઉલ્લુ કાફી હૈ ,યહાં તો હર ડાલપે ઉલ્લુ બેઠા હૈ,તો અંજામ ક્યા હોગા''

## ફરીથી પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા હિન્દી માધ્યમમાં છપાયેલ ભાષાના પુસ્તકમાં છબરડો વાળ્યાથી મુસ્લીમ સમાજની લાગણી દુભાઇ

આ પહેલાં ખ્રિસ્તી સમાજની લાગણીઓ હિન્દી ધોરણ -૯ ના પુસ્તકમાં કરાયેલ ગંભીર ભુલ બાદ હવે ધોરણ-૪ના હિન્દી માધ્યમના પ્રથમ ભાષાના પુસ્તકમાં રોજા એટલે ઝાડા-ઉલટીની બિમારી એવો ઉલ્લેખ કરતાં મુસ્લીમ સમાજની લાગણી દુભાઈ છે.આ મુદ્દે આગામી દિવસોમાં વિવાદ વકરે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.ધોરણ-૪ના હિન્દી માધ્યમના પુસ્તકમાં પ્રથમ ભાષાના વિષયમાં પ્રકરણ-૩માં આપેલા આ શબ્દના અર્થને લઈને પુસ્તક મંડળ ફરી એકવાર વિવાદમાં સપડાયું છે.પુસ્તક તૈયાર કરવામાં પ્રિન્ટ મિસ્ટેક થઈ હોય તેવું પ્રાથમિક દષ્ટિએ જણાઈ આવે છે.આ ભુલ બદલ પુસ્તક મંડળ દ્વારા સ્કુલોને સુચના આપી ભુલ સુધારી લેવા માટે જણાવાશે.

પ્રાપ્ત માહીતી અનુસાર ગુજરાત રાજ્ય પાઠય પુસ્તક મંડળ દ્વારા તાજેતરમાં શરુ થયેલા નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ કરવામાં આવ્યા હતા.ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓ બજારમાંથી પણ પુસ્તકો ખરીદીને લાવ્યા હતા. ધોરણ-૪ હિન્દી માધ્યમમાં પણ પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પુસ્તકો તૈયાર કરી સ્કુલોમાં મોકલવામાં આવ્યા હતા. જેમાં હિન્દી પ્રથમ ભાષાના પુસ્તકમાં ગંભીર ભુલ થઈ હોવાની બાબત પ્રકાશમાં આવી હતી. હિન્દીના પુસ્તક પ્રકરણ-૩ ઈદગાહનો છે.જેમાં પ્રકરણ પુર્ણ થયા બાદ પાઠમાં આવતા અઘરા શબ્દોનો વિદ્યાર્થીઓને અર્થ સમજાય તે માટે શબ્દાર્થ આપેલા છે.

જો કે આ શબ્દાર્થમાં મુસ્લીમ સમાજની લાગણી દુભાય તે રીતે રોજા શબ્દનો અર્થ ઝાડા-ઊલટી જેવો રોગ લખવામાં આવ્યો છે.પુસ્તક મંડળની ગંભીર બેદરકારી ફરી એકવાર સામે આવી છે.પુસ્તકમાં જે શબ્દો હિન્દીમાં લખાયા છે તે મુજબ રોજા શબ્દનો અર્થ ''એક ચાતક તથા સંક્રામક રોગ જિસમે દસ્ત ઔર કે આતી હૈ''લખવામાં આવ્યો છે. દસ્ત એટલે ઝાડા અને કૈ એટલે ઉલ્ટી થાય છે. આમ, રોજા મુસ્લીમ સમાજમાં ખુબજ પવિત્ર ગણાય છે.અને તેના માટે આવા શબ્દનો પ્રયોગ કરવામાં આવતાં મુસ્લીમ સમાજમાં નારાજગી ફેલાઈ છે.

અત્રે નોધનીય છે કે તાજેતરમાં જ પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તૈયાર કરી બહાર પાડવામાં આવેલી ધોરણ-૯ના હિન્દીના પુસ્તકમાં ઈસુને હેવાન ઈસુ તરીકે દર્શાવતાં ખ્રિસ્તી સમાજની લાગણી દુભાઈ છે.જો કે ત્યાર બાદ પાઠ્ય પુસ્તક મંડળે તેની વેબસાઈટની એડીશનમાં સુધારો કરી હેવાનના બદલે ભગવાન ઈસુ શબ્દ લખ્યો હતો.પરંતુ ખ્રિસ્તી સમાજ દ્વારા પુસ્તકો પરત ખેચવાની માંગણી કરવામાં આવી રહી છે અને હજુ પણ આ વિવાદ ચાલી રહ્યો છે.ત્યાં મુસ્લીમ સમાજની લાગણી દુભાય તેવો શબ્દ પ્રયોગ સામે ફરી આક્રોશ ફેલાય તેવી શક્યતા છે.

જે રીતે પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા છપામણીમાં છબરડાઓ જોવા મળી રહ્યા છે તે ઉપરથી એવું લાગી રહ્યુ છે કે કોઈક ઈરાદાપુર્વકનું આ કાર્ય છે કે જેનાથી પોતાના અંગત ફાયદાઓ થઈ શકે અને પોતાના કટ્ટરતાવાદના વિચારોને પોષી શકાય.આવી ગંભીર ભુલો માટે માફી આપવી જોઈએ નહીં.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## ભારતમાં વધી રહેલા હિંદુ કટ્ટરવાદને કારણે ઇતિહાસકાર રામચંદ્ર ગુહાએ ચિંતા વ્યક્ત કરી

દેશમાં ભાજપ સત્તા પર આવ્યા બાદ જે રીતે હિદુ કટ્ટરતાવાદ દેશમાં વ્યાપી રહ્યો છે તેના કારણે ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યુ હતું કેભારતને હિંદુ પાકિસ્તાન બનતું જોઈને મને ચિંતા થાય છે.વડાપ્રધાન મોદીના સંઘ સાથેના સબંધોની ગુહાએ ટીકા કરી હતી.મોદીએ સંઘ સાથે અંતર જાળવવા છેલ્લા ત્રણ વર્ષમાં કશું કર્યું નથી તેવું તેમણે કહ્યુ હતું. ગુહાએ કહ્યુ હતું કે મોદી સતત ૨૪ કલાક કામ કરે છે તેમાં શંકાને સ્થાન નથી પણ સંઘથી અંતર જાળવવા તેમણે કોઈ નક્કર વિચારણા કરી નથી. જો કે જે રીતે કેન્દ્રમાં ભાજપને સત્તા મળ્યા બાદ ભાજપ સાથે જોડાયેલી તેમની હિદુ કટ્ટરતાબાદ સંકળાયેલ સંસ્થાઓએ પોતાનું કામ એવી રીતે શરુ કર્યુ છે કે તેમનું કાર્ય તો થાય પરંતુ તેમને કોઈ આંચ આવે નહી.

## નાગપુરમાં બીફની શંકા રાખીને મુસ્લીમ પર હુમલો કરાયો

નાગપુરમાં ગૌમાંસની શંકા કરીને એક મુસ્લીમને ઢોર માર મારવામાં આવ્યો હતો.કેટલાંક હિન્દુવાદી સંગઠનો કે ગૌરક્ષકોના નામે ગુંડાગીરી આચરતાં લોકોએ એક મુસ્લીમ વ્યક્તિને ગૌમાંસ લઈ જતો હોવાની શંકાએ માર માર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૌમાંસના મામલે થઈ રહેલ હિંસા સામે લીધેલા વાંધાની કોઈ અસર થઈ ન હોય તેમ વધુ એક બનાવ બની ગયો છે.કાતોલ નગરના રહેવાસી સલીમ ઈસ્માઈલ શેખ પોતાના ઘેર પાછા ફરી રહ્યા હતા. ત્યારે પાંચ થી છ જણાએ ઘેરી લઈને તેની પાસે બીફ છે તેમ કહીને માર માર્યો હતો.શેખને ગંભીર ઈજાઓ પહોચી હતી.

જો કે આ સમાચારોના રાષ્ટ્રીય સ્તરે ગંભીર લેવાતા અને વડાપ્રધાને રાજ્યોને કડક હાથે આવા તત્વો સામે કાર્યવાહી કરવાના આપેલા આદેશને કારણે આ સમાચારોમાં બીફ હોવાનું સાચુ ઠેરવવાના પ્રયત્નો થયા હોવાનું કહેવાય છે.જેથી તેમની સામે કોઈ કાર્યવાહી થાય નહીં.આ ઉપરાંત બીફ લઈ જનારને પણ ભાજપનો કાર્યકર્તા બતાવી દેવાયો છે.છેલ્લે લેબ.રીપોર્ટમાં બીફ છે તેવું સાબિત કરી દેવાનો પ્રયત્ન કરાયો છે.

## ગોવાના ખ્રિસ્તી કબ્રસ્તાનમાં ૧૦૦થી વધુ ક્રોસની તોડફોડ કરાઇ

તાજેતરમાં મળેલા સમાચારો મુજબ દક્ષીણ ગોવાના એક કબ્રસ્તાનમાં ખ્રિસ્તી ધર્મના પ્રતિકો ક્રોસ અને કબર પર લગાવાતી તકતીઓની મોટાપાયા પર તોડફોડ કરવામાં આવી હતી.૧૦૦થી વધુ ક્રોસ અને બ્લોક તોડી પાડવામાં આવ્યા હતા.પોલીસનું કહેવુ છે કે પણજીથી ૪૫ કીલોમીટર દુર આવેલ કુરચોરેમ ગામના કેથોલીકોના કબ્રસ્તાનમાં સીસીટીવીને પહેલાંજ તોડી નાંખવામાં આવે. સઘન પોલીસ ઉચ્ચ સ્તરે તપાસ ચાલુ છે. આ આવી ચોથી ઘટના છે તેથી તેની ગંભીરતાને ધ્યાને લઈને કોગ્રેસે સીબીઆઈની તપાસ કરવાની માંગ કરી છે. જે સ્થળે તોડફોડ થઈ ત્યાં પાંચ વર્ષ પહેલાં પણ હુમલો કરવામાં આવ્યો હતો. ૪૦થી વધુ ક્રોસની તોડફોડ કરવામાં આવી હતી. જેમાં ૨૦ તો કેથલીક પંથના ક્રોસ છે.ડીઆઈજી રુપીન્દરકુમારે વિગતો આપતાં જણાવ્યુ હતું કે સઘન તપાસ ચાલે છે. પ્રદેશ કોગ્રેસના પ્રમુખ શાંન્તારામ નાઈકે સીબીઆઈ તપાસની માંગણી કરી હતી. જુન મહિનાથી આજ સુધીમાં આ ચોથી ઘટના છે. પોલીસે ખાસ ટાસ્કફોર્સની રચના કરી છે.૨૦૧૨માં મુસ્લીમોના કબ્રસ્તાનની બાજુમાં ખ્રિસ્તીઓના કબ્રસ્તાનમાં ૫૦ તખ્તી અને ૧૦ કબરોની પણ તોડફોડ કરવામાં આવી હતી.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

# સૌને પ્રભાવિત કરવાના ઊધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ ાપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક :
વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

# ભારત-ચીન વચ્ચેની સૈન્ય ઊભી થયેલ અથડામણ સ્થિતિમાં અમેરિકી સામાયિકે ભારતની તરફેણ કરતાં ચીની મીડીયા લાલઘુમ

ભારત-ચીન વચ્ચેની પ્રવર્તમાન સ્થિતિમાં ઉભી થયેલી લશ્કરી સ્થિતિ બાબતે એક અમેરિકી અખબારના કોલમમાં ભારતની તરફદારી કરાતાં ચીની સરકાર સમર્થિત મીડીયા દ્વિધામાં મુકાઈ ગયું હતુ. આ સંજોગોમાં ચીની મીડીયાએ અમેરીકા પર જ આક્ષેપો કરી દીધા છે કે તે ભારત અને ચીન વચ્ચેની સૈન્ય અથડામણ માટે ધી હોમી રહ્યો છે.

વોશિગ્ટન એક્ઝામિનરે ડોકા લા સરહદે પડેલી મડાગાંઠના કિસ્સામાં ટ્રમ્પે ચીન સામે ભારતને સમર્થન આપવુ જોઈએ એ મુજબના મથાળે લેખ પ્રગટ કર્યો હતો. અમેરીકી પ્રકાશનામાં કહેવામાં આવ્યું હતું કે ચીનની વધી રહેલી આક્રમક્તાનો સામનો કરવા માટે બંને દેશોની સહભાગી બની રહેવાની ક્ષમતા અને સબંધોનું મોટું મુલ્ય છે.

અમેરિકી પ્રકાશનના આ સંકેતો ગ્લોબલ ટાઈમ્સને હજમ ના થયા. વળતો જવાબ આપતાં ગ્લોબલ ટાઈમ્સે કહી દીધું કે તંગદીલી જ્યાં પણ વધે, અમેરીકા ત્યાં પહોચી જાય છે. સમસ્યાના નિરાકરણ માટે પક્ષપાતહીન વલણ તેણે ક્યારેય લીધું જ નથી.અમેરિકી પ્રકાશનમાં પ્રકાશિત લેખની નોંધ લેતા ગ્લોબલ ટાઈમ્સે કહ્યું છે કે લેખમાં ચીન જાણે જોખમી દેશ હોય અને અમેરીકા-ભારત વચ્ચેના સબંધ ખુબ કિમતી હોય તેવી વાત કરવામાં આવી છે.પ્રકાશનનો આ લેખ અમેરિકાના પક્ષપાતભર્યા વલણોનું પ્રતિનિધિત્વ કરે છે. આવું પક્ષપાતભર્યું વલણ જ યુધ્ધ તરફ દોરી જતું હોય છે.ચીની અખબારે જણાવ્યુ હતું કે વોશીગ્ટન ભારત પ્રતિ જરા પક્ષપાતભર્યું વલણ અપનાવી રહ્યું છે. ચીનની તરફ વોશીગ્ટનનું ધ્યાન ઓછું છે.

જો કે ડોકા લા મડાગાંઠ બાબતે ચીને કહ્યુ છે કે ભારતીય સેના બિનશરતી ધોરણે હટે પછી વાતચીત કરાશે.બેઈજીંગ બ્રિકસ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠકમાં ભાગ લેવા માટે ભારતના એનએસએ અજિત ડોભાલ પહોચે તે પહેલાં જ જીને કહયું છે કે ભારત ડોકા લા વિસ્તારમાંથી પોતાની સેના પાછી ખેચે તે જ વાટાઘાટોની પુર્વશરત છે. વિદેશ પ્રવકતા લુ કાંગે જણાવ્યુ કે વિદેશપ્રધાન વાંગ યીએ આપેલી ટીપ્પણી સત્તાવાર હતી.જો હજુ સુધી અજીત ડોભાલની ચીની સત્તાવાળાઓ સાથેની ચર્ચા વિચારણા ક્યાં સુધી પહોચી કે તેનો ઉકેલ શું આવ્યો તે બહાર આવ્યું નથી.પરંતુ હાલમાં ભારત અને ચીનના સબંધોમાં તિરાડ ઉભી થયેલી છે.

ચીની સરકારના સરહદી બાબતના સલાહકાર તેમજ સ્ટેટ કાઉન્સેલર વાંગ જેચી સાથે અજીત ડોભાલની મુલાકાત યોજાઈ હતી.બ્રાઝિલ,રશિયા અને દક્ષિણ આફ્રિકા સહિતના બ્રિક્સના નેતાઓ ઉપરાંત શીને અજિત ડોભાલ મળવાના હતા.ડોભાલની ચીનની મુલાકાત દરમિયાન તેઓ ચીની પ્રમુખ શી જિનપીંગ તથા અન્ય ચીની નેતાઓ સાથે મુલાકાત પણ કરવાના હતા. ચીનની સત્તાવાર સમાચાર સંસ્થા ઝિન્હુઆએ વડાપ્રધાન મોદીના વખાણ કરતાં આશ્ચર્ય થયું હતું. તેમણે ભારતીય અર્થતંત્રના વખાણ કરવા સાથે બંને દેશો વચ્ચેના વ્યાપારિક સબંધોની જરુરીયાત પર ભાર મુક્યો હતો.ચીન માટે ભારત વ્યાપાર માટે મહત્વનું બજાર છે. તેને કારણે યુધ્ધ જેવા લશ્કરી પગલાં નિવારી શકાય એ માટેની સંભાવના ચીની નેતાગીરી તલાસી રહ્યાના સંકેતો મળે છે.યુધ્ધ ભારત કે ચીન બેઉને પોષાય તેમ નથી. પંરતુ બેઉ પક્ષો પોતાની બાબતે અડગ છે.ચીની વિદેશી મંત્રાલયે ભારત અંગે આક્રમક વલણ અખત્યાર કરતાં સરહદી વિવાદ વધુ વકરે તેવા સંકેતો મળ્યા હતા.જો ચીની વિદેશ મંત્રી વાંગ યીને ટાંકીને પ્રવક્તાએ ભારતીય દળો ડોકા લા ખાતેથી ખસેડાય એ પછી જ અર્થપુર્ણ મંત્રણાઓ થઈ શકે તેવી વાત કહી હત.ચીનનું ડોભાલની મુલાકાત પહેલાં વલણ બદલાયું છે.જે સમાધાન માટેના સંકેતો આપે છે.ચીન બંને દેશો વચ્ચે પહેલી ઓગષ્ટે ચીનના પીપલ્સ આર્મી લીબરેશનની ૯૦મી જયંતિએ સંઘર્ષ ના થાય તેથી સમાધાનકારી વલણ અપનાવવા માંગે છે.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.